# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 25-07-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદ, મધ્ય ગુજરાતના અનેક જિલ્લામાં અતિભારે વરસાદથી જનજીવન ખોરવાયું, આણંદ જિલ્લાનાં બોરસદમાં 14 ઇંચ વરસાદ ખાબક્યો
- ✓ રાજ્યમાં મોસમનો સરેરાશ 52 ટકા વરસાદઃ સૌથી વધુ 75 ટકા વરસાદ કચ્છ ઝોનમાં
- ✓ રાજકોટના ગોઝારા અગ્નિકાંડમાં પોલિસે એક લાખથી વધુ પાનાનું ચાર્જશીટ રજૂ કર્યું
- ✓ રેલવે મંત્રાલય દ્વારા રાજ્યના 87 સ્ટેશનોને અમૃત સ્ટેશન તરીકે વિકસાવવામાં આવશે.
- ✓ રાજ્યમાં અત્યાર સુધી ચાંદીપુરા વાઇરસનાં 118 કેસ નોંધાયાઃ કુલ 41 વ્યક્તિનાં મૃત્યુ

## Rain

રાજ્યભરમાં ગઈ કાલે અનેક જિલ્લાઓમાં સમગ્ર દિવસ દરમિયાન સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો.

સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાત બાદ હવે મધ્ય ગુજરાતનાં કેટલાંક જિલ્લાઓમાં અનરાધાર વરસાદને પગલે જનજીવન ખોરવાઈ ગયું છે, તો અનેક ડેમો અને જળાશયોમાં પાણીની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. જો કે, રાત્રિ દરમિયાન આ જિલ્લાઓમાં વરસાદે વિરામ લીધો હતો. વરસાદને કારણે સર્જાયેલી વિવિધ ઘટનાઓમાં રાજ્યમાં અત્યાર સુધી નવ વ્યક્તિનાં મૃત્યુ થયા છે.

પુરમાં ફસાયેલા લોકોને બચાવવા માટે રાષ્ટ્રીય આપત્તિ બચાવ દળ-એનડીઆરએફની ટૂકડીઓની મદદ લેવામાં આવી છે. હાલમાં પુરગ્રસ્ત વિસ્તારોમાં એનડીઆરએફની 14 અને એસડીઆરએફની 20 ટૂકડીઓ ગોઠવવામાં આવી છે, જ્યારે એનડીઆરએફની બે ટુકડીઓ તૈયાર રાખવામાં આવી છે.

ગઈ કાલે સવારના છ વાગ્યાથી આજે સવારે ચાર વાગ્યા સુધીમાં સૌથી વધુ 14 ઇંચ વરસાદ આણંદ જિલ્લાનાં બોરસદમાં નોંધાયો હતો.

વડોદરા તાલુકામાં આઠ ઇંચ વરસાદ પડ્યો હતો. નર્મદા જિલ્લાનાં તિલકવાડા તાલુકા અને પાદરા તાલુકામાં પણ આઠ-આઠ ઇંચ વરસાદ પડતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. વડોદરામાં આજે શાળા-કોલેજો બંધ રહેશે.

અમારા સુરત જિલ્લાના પ્રતિનિધી લોપા દરબાર જણાવે છે કે, માંડવી તાલુકાના ગાંગપુરનાં મોરણખાડી ડેમનાં હેઠવાસમાં પાણીના વહેણમાં માછલી પકડવા ગયેલી બે વ્યક્તિ તણાઈ ગઈ હતી, જેમાંથી એકની લાશ મળી આવી છે.

અમારા મહીસાગર જિલ્લાના પ્રતિનિધી કૌશિક જોષી જણાવે છે કે, વિરપુર શહેરમાં ભારે વરસાદને પગલે લાવરી પુર આવતાં દરગાહ તરફ જવાનો માર્ગ બંધ કરવામાં આવ્યો છે.

પાટણ જિલ્લામાં લાંબા સમય બાદ ગઇ કાલે સમી હારીજ પંથકમાં બે ઇંચ વરસાદ પડતા લોકોમાં આનંદની લાગણી પ્રસરી હતી. સાંજે છથી આઠ દરમિયાન હારીજમાં દોઢ ઇંચ વરસાદ પડ્યો હતો.

અમારા  નવસારી જિલ્લાના પ્રતિનિધી અશોક પટેલ જણાવે છે કે, બુધવારે સવારે 6 થી આજે સવારે 6 વાગ્યાના સુધી નવસારીમાં સાડા ત્રણ ઇંચ વરસાદ પડ્યો છે. ભારે વરસાદને પગલે પૂર્ણા નદી બે કાંઠે વહે રહી છે. પૂર્ણા નદીની જળસપાટી આજે સવારે 6 વાગ્યે ભયજનક સપાટીથી બે મીટર નીચે છે, જ્યારે અંબિકા અને કાવેરી નદીમાં પાણી ઓસરી રહ્યા છે. આ બંને નદીઓ ભયજનક સપાટીથી ઘણી નીચે વહી રહી છે.

દરમિયાન, સ્ટેટ ઇમરજન્સી ઓપરેશનની યાદી મુજબ, રાજ્યમાં ગઈ કાલે સાંજ સુધીમાં 18 ઇંચ સરેરાશ વરસાદ વરસી ચૂક્યો છે, જે મોસમનાં કુલ સરેરાશ વરસાદનાં 52 ટકા છે. સૌથી વધુ 75 ટકા વરસાદ કચ્છ ઝોનમાં નોંધાયો છે.

સૌરાષ્ટ્રમાં ૭૩ ટકા અને દક્ષિણ ગુજરાતમાં મોસમનો ૬૨ ટકા વરસાદ નોંધાયો છે. પૂર્વ મધ્ય ગુજરાતમાં ૩૧ ટકા અને ઉત્તર ગુજરાતમાં 27 ટકા વરસાદ પડ્યો છે. રાજ્યનાં 74 તાલુકાઓમાં આ મોસમમાં 20 ઇંચથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે.

હવામાન ખાતાએ સૌરાષ્ટ્રનાં બે અને દક્ષિણ ગુજરાતનાં પાંચ જિલ્લામાં આજે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે..

(બાઇટ - રામાશ્રેય યાદવ...)

દરમિયાન, ભારે વરસાદને કારણે રેલવે વ્યવહાર પર અસર પડી છે. કેટલીક ટ્રેન રદ કરવામાં આવી છે, તો કેટલીક ટ્રેનને આંશિક રદ કરવામાં આવી છે.

મહેસાણા-પાલનપુર વિભાગમાં ધારેવાડા-સિદ્ધપુર-છાપી સ્ટેશન વચ્ચે સમારકામ સંદર્ભે પશ્ચિમ રેલવેની 26 ટ્રેનને અસર થઈ છે. આમાંથી મહેસાણા-આબૂરોડ ડેમુ સ્પેશિયલ 25થી 29 જુલાઈ અને આબૂરોડ-મહેસાણે ડેમુ સ્પેશિયલ ટ્રેન 26 થી 30 જુલાઈ દરમિયાન સંપૂર્ણપણે રદ રહેવાનું પશ્ચિમ રેલવેએ જણાવ્યું છે. જ્યારે જોધપુર-સાબરમતી એક્સપ્રેસ 29 જુલાઈએ આબૂરોડ અને સાબરમતી વચ્ચે અને સાબરમતી-જોધપુર એક્સપ્રેસ સાબરમતી અને આબુરોડ વચ્ચે આંશિક રદ રહેશે.

(બાઇટ -જિતેન્દ્ર કુમાર જયંત -જન સંપર્ક અધિકારી પશ્ચિમ રેલવે)

ગઈ કાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી મંત્રીમંડળની બેઠકમાં રાજ્યમાં વ્યાપક અને સૌરાષ્ટ્ર-કચ્છમાં ભારે વરસાદને કારણે સર્જાયેલી સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

આ અંગે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ભારે વરસાદને પરિણામે જે જિલ્લાઓ-વિસ્તારોમાં પાણી ભરાયા છે અને માલ-મિલકતને નુકસાન થયું છે ત્યાં બચાવ અને રાહત કામગીરીમાં જિલ્લા તંત્રના માર્ગદર્શન માટે સંબંધિત જિલ્લાના પ્રભારી મંત્રીઓને પહોંચી જવાની સૂચનાઓ આપવામાં આવી છે. બેઠકમાં રસ્તા, ડેમ, વીજળી, પાણી પુરવઠો, ખેતીવાડીને થયેલાં નુકસાન સહિતની બાબતોની પણ સમીક્ષા થઈ હતી. ભારે વરસાદને પગલે અનેક ડેમ અને નદી નાળામાં પાણીની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં એક લાખ 82 હજાર 444 એમ.સી.એફ.ટી. પાણીનો જથ્થો સંગ્રહ થયો છે, જે કુલ ક્ષમતાના ૫૪.૬૧ ટકા છે.

રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં કુલ પાણીનો જથ્થો ૪૨ ટકા છે. કુલ ક્ષમતાના ૧૦૦ ટકા ભરાયેલા ડેમની સંખ્યા ૪૬, ૭૦થી ૧૦૦ ટકા ભરાયેલા ડેમની સંખ્યા ૨૫, ૫૦ થી ૭૦ ટકા ભરાયેલા ડેમની સંખ્યા ૪૧, ૨૫ ટકાથી નીચે ભરાયેલા ડેમની સંખ્યા ૬૯ છે.

ચોમાસાની સિઝન દરમિયાન અત્યાર સુધીમા રાજ્યના ૭ જિલ્લામાંથી કુલ ૪,૨૩૮ નાગરિકોનું સ્થળાંતર તથા ૫૩૫ નાગરિકોને બચાવવામાં આવ્યા છે. હવામાન વિભાગે માછીમારોને ૨૮ જુલાઇ સુધી દરિયો નહી ખેડવા સૂચના આપવામાં આવી છે.

વરસાદને પગલે વીજળીના કારણે ૫૮૧૭ ગામડાઓ પૈકી ૫૭૯૬ , ૧૧૩૫૮ ફીડર પૈકી ૧૧૦૩૭, ૫૨૫૫ થાંભલા પૈકી ૪૨૧૧ અને ૩૧૭ ટ્રાન્સફોર્મર સેન્ટર પૈકી ૧૮૪ પૂર્વવત કરાયા છે .

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.................

## Rajkot Fire

રાજકોટના ગોઝારા અગ્નિકાંડમાં પોલીસે આરોપનામું દાખલ કર્યું છે. ગઇ કાલે પોલિસે એક લાખથી વધુ પાનાનું ચાર્જશીટ અદાલતમાં રજૂ કર્યું હતું. સસ્પેન્ડેડ ટીપીઓ મનસુખ સાગઠીયા સહિત 15 આરોપીઓ સામેનું

આરોપનામું અદાલતમાં રજૂ થવાથી હવે આરોપો ઘડવામાં આવશે. પોલિસે તપાસ દરમિયાન 365 સાક્ષીઓને તપાસ્યા હતા.

..................

## ASHWINI VAISHNAV ON GUJARAT BUDGET

રેલવે મંત્રાલય દ્વારા રાજ્યનાં 87 સ્ટેશનનો અમૃત સ્ટેશન તરીકે વિકાસ કરાશે. રેલવે ક્ષેત્રમાં ગુજરાતને આપવામાં આવેલી સુવિધા અંગે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી વાત કરતાં કહ્યું કે, રાજ્યમાં નવા 224 રેલવે ટ્રેક આ બજેટ અંતર્ગત બનાવવામાં આવશે.

શ્રી વૈષ્ણવે કહ્યું, અમદાવાદ–મુંબઈ બુલેટ ટ્રેનનો 508 કિલોમીટરનો પ્લાન છે. આ કામ ખૂબ જ પ્રગતિમાં ચાલી રહ્યું છે. હાલમાં અમદાવાદના સાબરમતીમાં આ પ્રૉજેક્ટ પૂર્ણ થયો છે.

..................

## Chandipura

રાજ્યમાં વાયરલ ચાંદીપુરાના અત્યાર સુધીમાં કુલ 118 કેસો નોંધાયા છે. જે પૈકી પંચમહાલમાં 15 કેસ, અમદાવાદ કોર્પોરેશનમાં 11 કેસ, સાબરકાંઠામાં 10 કેસ, મહેસાણામાં સાત કેસ, અરવલ્લી, ખેડા, ગાંધીનગર, જામનગર, વડોદરામાં 6 કેસ.

રાજકોટ, મોરબી, બનાસકાંઠામાં પાંચ-પાંચ કેસ, સુરેન્દ્રનગરમાં ચાર કેસ, ગાંધીનગર કોર્પોરેશનમાં ત્રણ કેસ, મહિસાગર, છોટાઉદેપુર, દાહોદ, વડોદરા કોર્પોરેશન, સુરત, ભરૂચમાં 2 કેસ જ્યારે દેવભૂમિ દ્વારકા, અમદાવાદ, કચ્છ, જામનગરમાં 1-1 કેસ શંકાસ્પદ કેસ નોંધાયા છે.

રાજ્યમાં નોંધાયેલા 118 કેસમાં પંચમહાલમાં પાંચ, અમદાવાદ કોર્પોરેશનમાં ચાર, અરવલ્લી, રાજકોટ, મોરબી, બનાસકાંઠામાં ત્રણ, સાબરકાંઠા, મહિસાગર, મહેસાણા, ગાંધીનગર, ગાંધીનગર કોર્પોરેશન, સુરત કોર્પોરેશનમાં બે જ્યારે ખેડા, સુરેન્દ્રનગર, જામનગર, વડોદરા, વડોદરા કોર્પોરેશન, દ્વારકા અને જામનગર કોર્પોરેશનમાં એક એમ કુલ 41 દર્દીઓ મૃત્યુ પામ્યા છે.

આરોગ્યની ટીમ દ્વારા પોઝિટિવ અને શંકાસ્પદ મળેલ દર્દીઓના ઘર અને આસપાસના વિસ્તારના ઘરોમાં સર્વિલન્સની કામગીરી કરવામાં આવી રહી છે.

..................

## MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 28મી તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે. 28મી જુલાઇએ પ્રસારિત થનારો આ 112મો એપિસોડ હશે. મન કી બાત કાર્યક્રમ માટે લોકોએ તેમના વિચારો અને સૂચનો શુક્રવાર 26 તારીખ સુધીમાં મોકલવાના રહેશે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેક યુવાનોને MyGov ઓપન ફોરમ, નમો એપ પર સૂચનો લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 ઉપર સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે.

મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરાશે. આવશે. એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

.................

## Lok Melo

રાજકોટમાં 24થી 28 ઓગસ્ટ દરમિયાન આયોજિત સાંસ્કૃતિક લોકમેળા માટે પ્લોટ તથા સ્ટોલની ફાળવણી માટે અરજી પત્રક વિતરણ કરવા તથા ભરેલા અરજી પત્રક સ્વિકારવાની મુદત 26 જુલાઇ સુધી લંબાવવામાં આવી છે એમ લોકમેળા અમલીકરણ સમિતિના અધ્યક્ષ અને રાજકોટના નાયબ કલેકટરની યાદીમાં જણાવાયું છે.

.................